પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૪૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૦૬-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 244 PRICE :-RS. 1.50 DATE : 09-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારતમાં કોરોનાનું નવું રૂપ, બ્રિટન અને બ્રાઝિલથી આવેલા લોકોમાં B.1.1.28.2 સ્ટ્રેન જોવા મળ્યો



પૂણે,
ભારતમાં કોરોનાની કંટ્રોલ થતી સ્થિતિ વચ્ચે ડરામણા સમાચાર સામે આવી રહ્યા છે. પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીએ કોરોના વાયરસની જીનોમ સિકવન્સિંગમાં નવા વેરિયન્ટને શોધ્યો છે. રિપોર્ટ પ્રમાણે આ વેરિયન્ટ બ્રિટન અને બ્રાઝિલથી ભારત આવેલા લોકોમાં જોવા મળ્યો છે. ઈન્સ્ટિટ્યુટે આને બી.૧.૧.૨૮.૨ નામ આપ્યું છે. આ ભારતમાં જોવા મળતા ડેલ્ટા વેરિયન્ટની માફક જ ગંભીર છે. આનાથી સંક્રમિત લોકોમાં કોરોનાના ગંભીર લક્ષણો જોવા મળી શકે છે.

વેરિયન્ટની સ્ટડી બાદ સામે આવ્યું કે આ લોકોને ગંભીર રીતે બીમાર કરી શકે છે. આ વેરિયન્ટની વિરુદ્ધ વેક્સિન અસરદાર છે અથવા નહીં તેના માટે સ્ક્રીનિંગની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. એનઆઈવીની આ સ્ટડી BioRxivમાં ઓનલાઈન પબ્લિશ થઈ છે. તો આ જ ઈન્સ્ટિટ્યુટની બીજી એક સ્ટડીમાં જોવા મળ્યું કે સ્વદેશી કોરોના વેક્સિન કોવેક્સિન આ વેરિયન્ટ સામે પણ અસરકારક છે અને વેક્સિનના ૨ ડોઝથી જે એન્ટિબોડી બને છે તેનાથી આ વેરિયન્ટને ન્યુટ્રિલાઈઝ કરી શકાય છે.

હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે બી.૧.૨૮.૨ વેરિયન્ટથી સંક્રમિત થવા પર વ્યક્તિનું વજન ઓછું થવા લાગે છે. આના સંક્રમણના ઝડપથી ફેલાવા પર ફેફસા ડેમેજ થઈ જાય છે. આ વેરિયન્ટ ફેફસામાં ઘા અને તેમાં ભારે નુકસાનનું કારણ બની શકે છે. સ્ટડીમાં કોવિડ જીનોમ સર્વિલાન્સની જરૂરિયાત પર ભાર આપવામાં આવ્યો છે, જેથી કોરોનાના નવા-નવા વેરિયન્ટ્સ વિશે જલદીથી જલદી જાણી શકાય. જીનોમ સિક્વન્સિંગ લેબ એવા મ્યુટેન્ટ્સની શોધ કરી રહ્યું છે જે કોરોના સંક્રમણમાં અચાનક આવનારા ઉછાળા પાછળ કારણ હોય છે.

### માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખાય

## ધો. ૧૦ના વિદ્યાર્થીઓના LCમાં માસ પ્રમોશન લખાશે

ગાંધીનગર,
ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. શિક્ષણ બોર્ડે દ્વારા તમામ ડીઈઓને સૂચના આપી દેવામાં આવી છે કે ધો.૧૦ના વિદ્યાર્થીઓના એલસીમાં માસ પ્રમોશન લખાશે, પરંતુ માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખાય. એલસીમાં રિમાર્કના ખાનામાં માસ પ્રમોશન લખવાનો નિર્ણય કર્યો છે. તમને જણાવી દઈએ કે ધો.૧૦માં માસ પ્રમોશન આપ્યા બાદ માર્કશીટ કેવી રીતે તૈયાર કરવી તેની રામાયણ ઘણા દિવસોથી ચાલી રહી હતી. પરંતુ આખરે આ મુદ્દા પર નિરાકરણ આવી ગયું છે.

ધો-૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે ત્યારે શિક્ષણ વિભાગે વિદ્યાર્થીને માર્ક્સ આપવાની પદ્ધતિ પણ જાહેર કરવામાં આવી છે. જેના આધારે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવશે. આ પદ્ધતિ મુજબ બે ભાગમાં માર્ક્સ અપાશે. પ્રથમ ભાગમાં શાળાકીય આંતરિક મૂલ્યાંકન કરાશે. જે કુલ ૨૦ માર્ક્સનું હશે. તો બીજા ભાગમાં ૮૦ ગુણનું મુલ્યાંકન કરાશે.

આજથી ગુજરાતભરની શાળાઓમાં ધોરણ.૧૦ના પરિણામને લગતી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરાશે. ધો.૧૦ના વિદ્યાર્થીઓની માર્કશીટમાં માસ પ્રમોશનનો ઉલ્લેખ કરવામાં નહી આવે પરંતુ શાળા છોડ્યાના પ્રમાણપત્રમા રીમાર્કસના ખાનામાં માસ પ્રમોશનનો ઉલ્લેખ કરવામાં આવશે. આ અંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે તમામ ડીઈઓને સુચના આપી છે.

૧૭ જૂન સાંજે ૫ વાગ્યા સુધી તમામ શાળાઓએ વિદ્યાર્થીઓના માર્ક અપલોડ કરી દેવાના રહેશે. પરીક્ષાર્થીઓના ગુણ, પરીક્ષાર્થીઓના નામ અને એપ્લિકેશન નંબરના આધારે તમામ વિગતો ભરવાની રહેશે. ઓનલાઈન ગુણ ભરવા માટે શાળાના ઈન્ડેક્ષ નંબર અને નોંધાયેલા મોબાઈલ નંબરનો ઉપયોગ કરી લોગીન કરી શકાશે.

માસ્ક પહેરો
વેક્સિન જરૂરથી લેવી

મા/મા વાત્સલ્ય કાર્ડ હવે સરકારી હોસ્પિટલોમાં બનાવી આપવામાં આવે છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા "આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના", "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂ. ૫ (પાંચ) લાખ સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે છે.

- મા/મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા લાભાર્થીઓ યોજના અંતર્ગત જોડાયેલી, માન્યતા મેળવેલી કોઇપણ સરકારી/ટ્રસ્ટ સંચાલિત/ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે.
- ભારત સરકારની જોગવાઈઓ મુજબ સમગ્ર રાજ્યમાં "મા-અમૃતમ્" અને "મા-અમૃતમ્ વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવારદીઠ એક કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવામાં આવશે. દા.ત. એક પરિવારમાં ૫ (પાંચ) વ્યક્તિ હોય તો આ પહેલાં ૫ (પાંચ) વ્યક્તિ વચ્ચે એક જ કાર્ડ હતું. હવે પરિવારના પાંચ જણને અલગ-અલગ વ્યક્તિગત કાર્ડ આપવામાં આવશે જેથી તેના ઉપયોગમાં સરળતા રહેશે.
- હાલમાં રાજ્યની સરકારી હોસ્પિટલ, CHC, PHCમાં નવા કાર્ડ કાઢવાનું શરૂ કરી દેવામાં આવેલ છે, તેથી બધા લાભાર્થી નવા કાર્ડ આ હોસ્પિટલોમાંથી કઢાવી શકશે. જ્યાં સુધી નવું કાર્ડ કાઢવામાં ના આવે ત્યાં સુધી જૂના કાર્ડ પરનો લાભ પહેલાંની જેમ જ ચાલુ રહેશે, જેથી કોઇની સારવાર અટકશે નહીં.

હું આશા રાખું છું કે "મા" યોજનાના દરેક લાભાર્થી આ માર્ગદર્શન પ્રમાણે કાર્યવાહી કરશે અને દરેક લાભાર્થી નવું કાર્ડ તાત્કાલિક મેળવી લેશે, જેથી જરૂરિયાત પ્રમાણે રૂ.૫ (પાંચ) લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મેળવી શકે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## મુંબઈમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીઃ ગાજવીજ સાથે વરસાદ



મુંબઈ,
નૈઋત્યનું ચોમાસું હવે ધીમે ધીમે મહારાષ્ટ્રમાં પ્રવેશતા મંગળવારે સાવરથી મુંબઈમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગરમી અને બફારા વચ્ચે મેઘરાજાની પધરામણી થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને મુંબઈવાસીઓએ તેનો આનંદ ઉઠાવ્યો હતો. હવામાન વિભાગના મતે મુંબઈમાં પ્રી-મોનસૂન પ્રક્રિયા અંતર્ગત વરસાદ વરસી રહ્યો છે. ૧૧ વાગ્યા સુધીમાં માલવણી, બોરીવલી અને દહીસરમાં ૩૦ એમએમ સુધી વરસાદ પડ્યો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. હવામાન ખાતાએ મુંબઈમાં આગામી ૨-૩ દિવસ ભારે વરસાદની ચેતવણી આપી છે.

મુંબઈના કુર્લા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ પડતા પાણી ભરાઈ ગયા હતા. જો કે હવામાન વિભાગના મતે હજી સુધી રાજ્યમાં સત્તાવાર ચોમાસાનો પ્રારંભ નથી થયો અને ચોમાસુ હાલમાં રત્નાગીરી જિલ્લામાં હરનાઈ પોર્ટ પહોંચ્યું છે. મુંબઈ સુધી ચોમાસાને પહોંચતા થોડો સમય લાગી શકે છે. સ્થાનિક હવામાન કેન્દ્રના વડાએ જણાવ્યા મુજબ મુંબઈમાં પ્રી-મોનસૂન વરસાદી ઝાપટા પડ્યા છે. ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે અને તેની તીવ્રતામાં પણ વધઘટ નોંધાઈ છે.

મુંબઈના કેટલાક વિસ્તારોમાં જ વરસાદ પડ્યો છે જેથી આને સત્તાવાર ચોમાસાનો પ્રારંભ નહીં ગણી શકાય. મુંબઈ ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં વ્યાપક વરસાદ પડશે ત્યારે જ મેઘરાજાની એન્ટ્રી થઈ ગણાશે. એક અંદાજ મુજબ ૧૦ જૂનના રોજ રાજ્યમાં સત્તાવાર ચોમાસુ બેસશે. અરબી સમુદ્રમાં ગતિવિધી જોવા મળી રહી છે પરંતુ તે નબળી છે જો મજબૂત ગતિવિધિ જણાય તો ચોમાસુ બેસી ગયું ગણાશે.

## NIAને ૨૬/૧૧ જેવા હુમલાનો કોલ આવતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ



ન્યુ દિલ્હી,
રાષ્ટ્રીય તપાસ એજન્સીને ચેતવણી ભર્યો કૉલ આવ્યો છે. કૉલરે દાવો કર્યો છે કે દેશમાં મોટો આતંકવાદી હુમલો થઈ શકે છે. કૉલરે આ દરમિયાન ૨૬/૧૧ જેવું ષડયંત્ર રચાયું હોવાની વાત કહી છે. અત્યારે એનઆઈએએ તપાસ શરૂ કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ કૉલ પશ્ચિમ બંગાળના રાનાઘાટથી આવ્યો હતો. આ ગતિવિધિઓ બાદ સુરક્ષા એજન્સીઓને એલર્ટ પર રાખવામાં આવી છે. ૩ જૂનના આવેલા કૉલ દરમિયાન શખ્સે જાણકારી આપી છે કે હુમલા માટે સ્ટીલની બુલેટ અને આઈઈડી નેપાળ અને બાંગ્લાદેશના રસ્તે તસ્કરી કરીને લાવવામાં આવશે. કૉલરે કહ્યું છે કે, આવનારા થોડાક સમયમાં આ હુમલો થઈ શકે છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આતંકવાદી હુમલા માટે ૨૬/૧૧ જેવા ષડયંત્રને અંજામ આપવાની ફિરાકમાં છે. એનઆઈએ પાસે મોબાઈલ નંબર છે અને મહત્વના પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. ગત વર્ષે ૨૦ ઑક્ટોબરના પણ એનઆઈએના કંટ્રોલ રૂમમાં એક કૉલ આવ્યો હતો. કૉલ કરનારા શખ્સનો દાવો હતો કે તે પાકિસ્તાનના કરાચીથી બોલી રહ્યો છે. તેણે મુંબઈ પોર્ટ અને ઈન્ડિયન પોલીસ ઈસ્ટેબ્લિશમેન્ટ પર એક મોટા હુમલાની જૈશની તૈયારી વિશે જણાવ્યું હતુ. તેણે જણાવ્યું હતુ કે જૈશ સરગણા મસૂદ અઝહર અને તેના ભાઈ અબ્દુલ રઉફ અસગરે આત્મઘાતી હુમલા માટે ૨૨ લોકોનું એક જૂથ તૈયાર કર્યું છે. પશ્ચિમ બંગાળમાં જેએમબી એટલે કે જમાત-ઉલ-મુઝાહિદીન બાંગ્લાદેશનું સારું નેટવર્ક છે, જે ગ્લોબલ આતંકવાદી સંગઠન અલ કાયદાથી જોડાયેલું છે. સાથે કૉલરે પણ સ્મગલિંગ માટે બાંગ્લાદેશના રસ્તાનો ઉલ્લેખ કર્યો છે. આવામાં કહેવામાં આવી રહ્યું છે કે એનઆઈએ આ મામલે જેએમબીના એન્ગલને ખંગાળી શકે છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે સપ્ટેમ્બરમાં એનઆઈએએ પશ્ચિમ બંગાળથી ૬ આતંકવાદીઓ સહિત અલ કાયદાના ૯ ઑપરેટિવને ઝડપ્યા હતા.

## કોરોના-રસી લેનાર વિમાન પ્રવાસીઓને દેશમાં રાહત મળવાની સંભાવના

ન્યુ દિલ્હી,
કેન્દ્ર સરકાર એક એવી યંત્રણા લાગુ કરવા વિશે વિચારી રહી છે જેનાથી કોરોના-પ્રતિરોધક રસીના બંને ડોઝ લેનાર વિમાન પ્રવાસીઓને દેશની અંદર પ્રવાસ કરવા માટે નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ સાથે રાખવાની જરૂર નહીં રહે. કેન્દ્રીય નાગરી ઉડ્ડયન મંત્રાલય તથા આરોગ્ય-કુટુંબ કલ્યાણ મંત્રાલયોના અધિકારીઓ આ વિશે હાલ ચર્ચા-વિચારણા કરી રહ્યાં છે. અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓને પણ આ ચર્ચામાં સામેલ કરવામાં આવ્યા છે. હાલ ઓડિશા, મેઘાલય અને મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યો બહારથી આવતા વિમાન પ્રવાસીઓ પાસે કોવિડ-નેગેટિવ રિપોર્ટની માગણી કરે છે. વળી, પ્રવાસીઓનું કોરોના પરીક્ષણ એમણે સફર શરૂ કરી હોય એના ૭૨ કલાકથી વધારે સમય પહેલાનું કરાવેલું હોવું ન જોઈએ. કોરોના રોગચાળાના ફેલાવાને કારણે સ્થાનિક એરલાઈન કંપનીઓને ભારે આર્થિક ખોટ ગઈ છે. એમણે કેન્દ્રીય નાગરી ઉડ્ડયન મંત્રાલયને કહ્યું છે આ પ્રકારના રાજ્ય સ્તરના નિયમોને કારણે વિમાન પ્રવાસ ઉદ્યોગનો વિકાસ રૂંધાય છે. જે પ્રવાસીઓએ રસીના બંને ડોઝ લઈ લીધા હોય એમને કોવિડ-નેગેટિવ રિપોર્ટ સાથે રાખ્યા વગર પણ પ્રવાસ કરવા દેવો જોઈએ.

## ગુજરાતમાંથી બે મહિનામાં ૧૨૯ નકલી ડૉક્ટર ઝડપાયા

અમદાવાદ,
ગુજરાતમાં કોરોનાકાળ દરમિયાન મહામારીનો ફાયદો ઉઠાવા માટે ઠેર ઠેર નકલી ડૉક્ટરોની હાટડીઓ ખૂલી હોવાની જાણ થતા રાજ્યના પોલીસ વડાએ નકલી તબીબોને ઝડપી પાડવા માટે આપેલા આદેશને પગલે પોલીસ તંત્ર દ્વારા રાજ્યવ્યાપી ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે જેમાં અત્યાર સુધીમાં ૧૨૯થી વધુ બોગસ તબીબોને પકડી પાડવામાં આવ્યા છે.

રાજ્યભરમાં નકલી ડૉક્ટરને શોધી કાઢવા સ્પેશિયલ ટીમે અલગ-અલગ વિસ્તારોમાં રેડ કરી અત્યાર સુધીમાં કુલ ૧૨૯ નકલી ડૉક્ટરોની ધરપકડ કરી છે. જેમાં ૫૩ ડૉક્ટરો ગ્રામ્ય વિસ્તારોમાંથી ઝડપાયા છે. જેમાં ૧૮ નકલી ડૉક્ટરો તો માત્ર બે દિવસમાં પકડાયા હતા. જેમાં વલસાડ જિલ્લામાં સૌથી વધુ ૯ નકલી ડૉક્ટર ઝડપી ગુના નોંધાયા છે. ત્યારે વડોદરા ગ્રામ્યમાં ૪, પંચમહાલમાં ૪, મોરબીમાં એક નકલી ડૉક્ટર પકડાયા છે. મોટાભાગના કિસ્સામાં ગુજરાત બહારથી આવેલા શખસો ડિગ્રી વગર નકલી ડૉક્ટર બની ગામડાના લોકોને સારવારના નામે લૂંટી રહ્યા હતા. હજુ પણ સ્પેશિયલ ટીમ અલગ-અલગ શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રકારના ડૉક્ટરોની શોધ કરી રહી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીયા એન. એસ.
મુ. હીન્દોલીયા, તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વણકર કે. કે.
મુ. અરીઠા, તા. લુણાવાડા

### મહીસાગર જિલ્લામાં કોરોના રસીકરણ અભિયાન

# મહીસાગર જિલ્લામાં ૩.૫૪ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન અપાઇ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ અભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લામાં વિકાસ અધિકારી કે.ડી.લાખાણી ના માર્ગદર્શનહેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષ વયના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૩,૫૪,૬૯૩ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

ત્યારે ૦૭મી જુન-૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૧૦૭૬૯૪, બાલાસિનોર તાલુકામાં ૫૦૪૭૬,સંતરામપુર તાલુકામાં ૮૮૬૫૧, ખાનપુર તાલુકામાં ૨૯૫૨૦, કડાણા તાલુકામાં ૪૩૩૦૨ અને વિરપુર તાલુકામાં ૩૫૦૫૦ મળી જિલ્લાના કુલ ૩,૫૪,૬૯૩ જેટલા હેલ્થ કોરોના વોરિયર, ફ્રન્ટ લાઈન વોરિયર, ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્યો વિસ્તા રોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે. જેમા ૧૮ થી ૪૪ વર્ષ વયના ૮૩૨૫ નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષિત કરાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૨૭ આરોગ્ય કોરોના વોરિયર, ૯૧૪૩ ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર, ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૪૨,૦૪૨ તેમજ ૧૮ થી ૪૪ વર્ષ વયના ૮૩૨૫ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૨,૫૦,૩૬૭ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૧,૦૪,૩૨૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે સાથે સાથે વેક્સીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

## મહીસાગરમાં આજે ૦૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૬૨ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૬૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૫ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૦૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૨૫૯૩૬૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૬૩ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૧ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૧૦ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૧ દર્દીઓ સ્ટેબલ, ૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## યુવાનો માટે ભારતીય સેનામાં જોડાવાની સુવર્ણ તક

ગોધરા, ભારતીય લશ્કરમાં જોડાઈને દેશસેવાની સાથે ઉજ્જ્વળ કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો માટે ભારતીય સેનામાં જોડાવાની સુવર્ણ તક આવી છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ફક્ત પુરૂષ ઉમેદવારો માટે આગામી તા.૦૫/૦૮/૨૦૨૧ થી તા.૨૨/૦૮/૨૦૨૧ દરમ્યાન કનેલાવ સ્પોર્ટસ કોમ્પ્લેરક્ષ, ગોધરા, જિ. પંચમહાલ ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે. જેમાં સોલ્જર (જનરલ ડ્યુટી), સોલ્જર ટેકનિકલ, સોલ્જર ટેકનિકલ (એવિએશન/એમ્યુનિશન/એકઝામિનર), સોલ્જર નર્સિંગ આસીસ્ટન્ટ/નર્સિંગ આસીસ્ટન્ટ વેટેનરી (ધોરણ/૧૨ પાસ), સોલ્જર કલાર્ક/સ્ટોર કીપર ટેકનિકલ/ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, સોલ્જર ટ્રેડસમેન (ધોરણ-૧૦ પાસ અને ધોરણ-૦૮ પાસ) જગ્યા માટે ભરતી કરવામાં આવશે. ૧૭.૫ થી ૨૩ વર્ષની વય ધરાવતા અને ધોરણ-૦૮ પાસ કે તેથી વધુ ઉંમર ધરાવતા ઉમેદવારોએ ભારતીય સેનાની વેબસાઈટ www.joinindianarmy.nic.in પર તા.૦૬/૦૬/૨૦૨૧ થી ૨૦/૦૭/૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ઓનલાઈન અરજી કરી શકાશે અને અરજી કરેલ ઉમેદવારોને જ ભરતી મેળામાં પ્રવેશ મળશે. ભરતીમેળામાં ભાગ લેવા આવનાર ઉમેદવારોએ નોટિફિકેશનમાં આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તેમજ જણાવેલ ડોક્યુમેન્ટ સાથે લઈ જવાના રહેશે. ભરતીમાં જતા પહેલાના ૭૨ કલાકનું સરકારી દવાખાનાનું કોવિડમુક્ત હોવા અંગેનું એપેન્ડિક્સ-ઇ મેળવીને ભરતીના દિવસે રજૂ કરવું ફરજીયાત છે. ઓનલાઈન અરજી કરેલ ઉમેદવારો તા. ૨૧.૦૭.૨૦૨૧ થી ૦૪.૦૮.૨૦૨૧ દરમિયાન પોતાના ઈમેઈલ આઈડી પરથી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. વધુ માહિતી માટે ભારતીય સેનાની વેબ સાઈટ www.joinindianarmy.nic.in અથવા જિલ્લા રોજગાર કચેરી-ગોધરા, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવા સદન-૨, ગોધરા, પંચમહાલનો જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૦.૩૦ થી ૬.૦૦ કલાક દરમિયાન (ફોન નંબર- ૦૨૬૭૨ ૨૪૧૪૦૫/૬૩૫૭૩૯૦૩૯૦) સંપર્ક કરવા રોજગાર અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સંતરામપુર તાલુકાના ધો.૧૦ અને ૧૨ના રીપીટર વિદ્યાર્થીઓએ માસ પ્રમોશન માટે આવેદન આપ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર મામલતદારને આવેદનપત્ર સંતરામપુર તાલુકાના અડોર પાદેડી ગામના ધોરણ ૧૦ અને ૧૨ રીપીટ વિદ્યાર્થીઓએ માસ પ્રમોશન માટે ગુજરાત સરકારને અને શિક્ષણ બોર્ડને સંતરામપુર મામલતદારને આવેદનપત્ર આપ્યું. કોરોનાની ભયંકર મહામારીમાં ગુજરાત સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલી છે. રેગ્યુલર વિદ્યાર્થીઓ ધોરણ અને ૧૦ ૧૨ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા નથી અને માસ પ્રમોશન મૂકવાના છે. આ બાબતથી રીપીટર વિદ્યાર્થીઓ પણ ન્યાય માટે મામલતદાર કચેરીમાં આવેદન પત્ર અને ઉચ્ચકક્ષા સુધી અમને પણ માસ પ્રમોશન આપવા અપીલ કરી હતી. કોરોનાની સંક્રમણમાં અમારો પણ જીવ જોખમમાં મુકાયો હોય છે. અમારા માટે સંક્રમણ વધી શકે છે. જેથી વિનંતી કરી કે દરેક માટે ન્યાય સરખું રાખવો જોઈએ વાલીઓ અને વિદ્યાર્થીઓ માગણી છે કે અમે ભલે રીપીટ છીએ અમને પણ માસ પ્રમોશન આપો અન્યાય આપો આ રીતે આજે મામલતદારને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

## મહિસાગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા અંગે

લુણાવાડા, મહિસાગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુત મિત્રો માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ૧૫-૦૭-૨૦૨૧ સુધી આઇ ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે. જેમાં બિયારણ, ધરૂ ફળ રોપા ઉત્પાદન ના ઘટકો, શાકભાજી પાકોમાં વાવેતર ના ઘટકો, મધમાખી ઉછેર માટે, રક્ષિત ખેતી માટે તથા બાગાયત યાંત્રીકરણ માટે ના તમામ ઘટકોમાં ખેડૂતોએ ઓન-લાઈન https://ikhedut.gujarat.gov.in પર અરજી કરી જરૂરી સાધનીક કાગળો સાથે દિન-૭ માં કચેરી સમય સુધી અત્રેની કચેરીએ (સરનામુઃ નાયબ બાગાયત નિયામકની કચેરી, મોડાસા રોડ, સરદાર પટેલ સ્કુલની બાજુમાં, પ્રથમ માળ, લુણાવાડા,જી-મહિસાગર ટેલીફોન નં. ૦૨૬૭૪-૨૫૦૪૨૫) રજુ કરવાની રહેશે. જેની મહિસાગર જિલ્લાના સર્વે બાગાયતી ખેડુતમિત્રોએ નોંધ લેવા નાયબ બાગાયત નિયામક મહીસાગરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મહીસાગર જિલ્લામાં ફળ-ફુલ અને શાકભાજીના વેપારીઓને જેટલી વિનામૂલ્યે છત્રીનું વિતરણ



લુણાવાડા, ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રીના સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત ફળ-ફુલ અને શાકભાજીના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં ફળ , શાકભાજીના નાના વેચાણકારો-લારીવાળાને યોગ્ય છાંયડાની વ્યવસ્થા ઉભી કરવા માટે તથા શાકભાજીનો બગાડ અટકાવવા માટે મહીસાગર જિલ્લામાં સાત પગલાં ખેડૂત કલ્યાાણ યોજના અંતર્ગત ૧૨૨૯ અરજદારોએ ઓનલાઇન અરજી કરી હતી. જે પૈકી ૧૦૬૪ જેટલી પાત્રતા ધરાવતી અરજીઓને પૂર્વ મંજૂરી આપવામાં આવી હતી. જેમા લુણાવાડા તાલુકામાં ૬૮૯,વિરપુર તાલુકામાં ૧૪૭, ખાનપુર તાલુકામાં ૯૧, સંતરામપુર તાલુકામાં ૬૬,બાલાશિનોર તાલુકામાં ૫૪ અને કડાણા તાલુકામાં ૧૭ મળી જિલ્લામાં ૧૦૬૪ જેટલીગુજરાત સરકારનો છાંયડો છત્રીનું ફળ-ફુલ અને શાકભાજીનું વેચાણ કરતાં વેપારીઓને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે.

સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત એસ.ટી.બસ સ્ટેશન પાછળના ભાગમાં આવેલ શાકભાજી માર્કેટમાં શાકભાજીનો વેપાર કરનાર લાભાર્થી કિરીટભાઇ ભોઇ જણાવે છે કે માર્કેટ કે અન્યત્ર જગ્યાઓ પર યોગ્ય પોષણક્ષમ ભાવ મેળવવા બેસતા હોય છે. ત્યારે ઉનાળાની ગરમીમાં ફળ અને શાકભાજી વહેલા બગડી ના જાય તેની સામે રક્ષણ મળે અને અમારૂં શાકભાજી તાજું રહે અને લાંબો સમય ટકી રહે તે માટે મને મળેલ વિનામૂલ્યે છત્રી ઘણીજ ઉપયોગી પુરવાર થઇ છે.

## સંતરાપુર પ્રાંત અધિકારીએ લઘુમતિ સમાજના ધર્મગુરૂ અને અગ્રણીઓ સાથે મીટીંગ યોજી કોરોના વેક્સીન માટે અપીલ કરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં કોરોનાની રસી વિશે પ્રાંત અધિકારીએ લઘુમતી સમાજના અગ્રણી અને ધર્મ ગુરૂઓ સાથે બેઠક યોજી દેશભરમાં ભયંકર કોરોનાની મહામારી ચાલી રહી છે. ત્યારે સરકાર દ્વારા દરેક વ્યકિતઓને મુક્ત રસી મુકવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. આજે લઘુમતી સમાજને રસી મુકવા માટે જાગૃત કરવા માટે આજે પ્રાંત અધિકારી બેઠક યોજી હતી અને વેક્સિન વિશે ફાયદાઓ પણ આવેલા હતા અને ચર્ચા પણ કરવી કે રસી મુકવાથી કોઈપણ પ્રકારની આડઅસર કે નુકસાન થતું નથી. આવી કુરાની મહામારી વચ્ચે જેને પણ પોઝિટિવ કેસ આવે ગરીબ દર્દી હોય તે હોસ્પિટલમાં ખર્ચના કરી શકે કોરોના થી ભયંકર વાયરસથી બચવા માટે લઘુમતી સમાજના દરેક વ્યક્તિએ ઘરના દરેક પરિવાર એ ફરજિયાત વેક્સિન મુકાવો અને તમારા શરીરમાં રોગપ્રતિકારક શક્તિનો વધારો થાય છે અને કોરોનાવાયરસ થી બચી શકો છો, વેક્સિન કોઈપણ પ્રકારનું નુકસાન કરતી નથી. આ રીતે પ્રાંત અધિકારી લઘુમતી સમાજના અગ્રણી અને ધર્મ ગુરૂઓ ઓ સાથી બેઠક યોજીને રસી મુક્વા માટે અપીલ કરી હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારી નગરપાલિકાના ચીફ ઓફિસર લઘુમતી સમાજના અગ્રણીઓ ધર્મ ગુરૂઓ ઉપસ્થિત રહ્યા હતા.


સંતરામપુર નગરપાલિકા અને આરોગ્ય વિભાગ દ્વારા સંતરામપુર શહેરમાં સત્યપ્રકાશ સોસાયટીમાં કોરોનાની રસીનો કેમ્પ યોજાયેલ હતો. જે આ કેમ્પમાં સત્ય પ્રકાશ સોસાયટીના ૧૮ થી ૪૫ વયના વ્યકિતઓને આપવામાં આવેલ હતો. જેમાં કુલ ૫૬ વ્યકિતઓએ આ વેક્સીનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ વિભાગ માંથી FHW ભાનુબેન ડોડીયા તેમજ ફાર્માસીસ્ટ જનકભાઈ રાવલ તેમજ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર અંકિત પટેલ તેમજ આ કેમ્પનું આયોજન સત્ય પ્રકાશ સોસાયટીના યુવા આગેવાન દિપેશ પ્રજાપતિ એ કરી આ વેકસીનના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨તા.૦૯-૦૬-૨૦૨૧, બુધવાર, વૈશાખ વદ-૧૪, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૯.૦૬.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.

વૃષભ(બ.વ.ઉ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો.

મિથુન(ક.છ.ઘ.):- તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

કર્ક(ડ.હ.):- અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

સિંહ(મ.ટ.):- કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે.

કન્યા(પ.ઠ.ણ.):- દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

તુલા(ર.ત.):- આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.

મકર(ખ.જ.):- બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.

કુંભ(ગ.શ.સ.):- માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- તમારૂં મગજ સા[redacted] સ્વીકારશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખ[redacted]ત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બન[redacted]. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો [redacted]

# દાહોદ પોલીસ અને પત્રકારોની મદદ થી ઘણાં સમય થી બાળક સાથે ભીખ માંગતી મહિલાને પિયર પક્ષનો સહારો મળ્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
રામ રાખે તેને કોણ ચાખે કહેવતની ઉકિતને દાહોદના એ.એસ.પી, ટાઉન પોલીસ અને પત્રકાર મિત્ર સંયુક્ત કામગીરીને પગલે સાર્થક થવા પામી છે દાહોદ શહેરમાં છેલ્લા ઘણા લાંબા સમયથી પોતાના એક દોઢ વર્ષના પુત્રને લઈ ભીખ માંગતી એક પરિણીતાને પોલીસ અને પત્રકાર મિત્રોની મદદ પહેલા સખી વન સ્ટોપ ખાતે રવાના કરવામાં આવી હતી અને ત્યાર બાદ મહિલાના સાસરિયા પક્ષના વ્યકિતઓએ મહિલાને ન સ્વીકારતા આખરે પિયર પક્ષના ભાઈએ મહિલાને બાળક સાથે ઘરે લઈ ગયો હતો.

સ્ત્રી સશકિતકરણ અને મહિલાના રક્ષણ માટે ભારત દેશમાં કાયદા,કાનુન સંવિધાનમા સમાવેશ કરવામાં આવ્યા છે, પરંતુ આ કાયદા કાનુનનો સરેઆમ ભંગ થતો ઘણીવાર જોવા મળતો હોય છે. ત્યારે ઘણીવાર ઘણી મહિલાઓ લાચાર અને બેબસ હોવાના કારણે અત્યાચારો સહન કરતી આવે છે. આવો જ એક કિસ્સો દાહોદ શહેરમાં સામે આવ્યો છે. જેમાં એક ભીખ માંગતી મહિલા છેલ્લા ઘણા સમયથી દાહોદ શહેરમાં પોતાના એક દોઢ વર્ષના બાળક સાથે ફરી રહી હતી. માંગી તેમજ પોતાના બાળક પેટ ભરતી હતી. લોકોના દુકાને લારી ગલ્લે પોતાના દોઢ વર્ષના બાળકને લઈ માંગી પોતાનું ગુજરાન ચલાવતી હતી. ત્યારે લગભગ એક અઠવાડિયા પૂર્વે આ મહિલા અને તેના બાળક પર દાહોદના એક પત્રકારની નજર પડી હતી. મહિલાની પાસે જઈ તેની સાથે વાતચીત કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. દેખાવમાં મહિલા સારા ઘરની લાગતી હતી વાતચીત દરમિયાન તેની વાણી પણ વ્યવહારૂ પત્રકારને લાગી હતી પત્રકારે તેના વિશે છતા કાંઈ પણ બોલ્યા વગર તે ત્યાંથી ચાલી ગઈ હતી. બે-ત્રણ દિવસનો સમય વીત્યા બાદ પુનઃ આ જ મહિલાનો સામનો પત્રકારને ફરી વાર થયો હતો અને ફરિવાર પત્રકારે તેની પાસે જઈ વિગતવાર અને શાંતિપૂર્ણ વાતચીત કરતા મહિલાએ જે હકીકત જણાવી તે જાણી સૌ કોઈનું મન ભરાઈ આવે છે તેમ છે. આ પરણિત મહિલા પાસેથી જાણવા મળ્યા અનુસાર, મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાની રહેવાસી હોવાનું જણાવ્યું હતું અને તેના લગ્ન પહેલા સેજાવાડાના એક યુવક સાથે થયા હતા સંતાન તેમને એક છોકરો અવતર્યો હતું. જોકે જે તે સમયે પતિ અને સાસરિયા પક્ષ દ્વારા આ પરિણીતાને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા જે તે સમયે તેમના છૂટાછેડા થઈ ગયા હતા અને ત્યારબાદ બીજા લગ્ન રાજસ્થાનના ભીલવાડા તાલુકામાં એક યુવક સાથે આ પરિણીતાએ બીજા લગ્ન કર્યા હતા, પરંતુ ત્યાં પણ બીજા પતિ અને સાસરિયાઓ દ્વારા પરિણીતાને ત્યાં પણ પરિણીતા સાથે મારઝૂડ તેમજ શારીરિક – માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને એક દિવસ આ પરિણીતાને તેના પુત્ર સાથે ઘરની બહાર કાઢી મુકવામાં આવી હતી. ત્યારથી આ પરણિતા દાહોદ ખાતે આવી પહોંચી હતી અને ભીખ માંગી પોતાનો તેમજ પોતાના પુત્રનું પેટ ભરતી હતી.

ઉપરોકત હકીકત પરણિતા દાહોદના પત્રકારો સમક્ષ રજૂ કરતા પત્રકારે આ અંગે એએસપી સેફાલી બરવાલ તેમજ દાહોદ શહેર પોલીસનો સંપર્ક કર્યો હતો અને આ મહિલાની આપવીતી રજુ કરી હતી.

અતા શેફાલી બરવાલ તેમજ ટાઉન પીઆઈનો સંપર્ક કરી મદદ માંગતા વસંત પટેલ પરણીતાને બીજા દિવસે દાહોદના રાત્રિ બજારથી પોલિસ મથકે લાવી પછી પૂછપરછ કરી તેને સખી વન સ્ટોપ ખાતે મોકલી આપી હતી જ્યાં કાઉન્સેલિંગ કરી, સખી વન સ્ટોપ દ્વારા મહિલાના સાસરી પક્ષ તેમજ પિયર પક્ષનું સંપર્ક કરતા, સાસરી પક્ષ દ્વારા પરણિતાને લેવા આવવા માટે અસ્વીકાર કરતા પિયર પક્ષના ભાઈએ સખી વન સ્ટોપ ખાતે આવી પરણિતા તેમજ તેના બાળકને પોતાના ઘરે લઈ ગયો હતો.

# કોરોના કાળમાં ફતેપુરામાં DJ વગાડવા મંજૂરી કેસ : વહીવટદારની ધરપકડ

- કલેકટરના જાહેરનામાના ની અવગણના કરી ડીજે વગાડવા મંજુરી બાબતનો ઓડિયો વાયરલ થયો હતો.
- તાલુકા ભાજપ પ્રમુખ અને ફતેપુરા તાલુકા સભ્ય સાથેની વાતચીતનો ઓડિયો વાયરલ થયો હતો.
- આરોપી કપિલ નહાર ૧૦ જૂન સુધી રિમાન્ડ પર : CPI.

ફતેપુરા,
કોરોના મહામારી ને લઈ દાહોદ જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર દ્વારા ડીજે પર પ્રતિબંધ બાબતનુ જાહેરનામું કરાયું હતું, પરંતુ ફતેપુરા પોલીસ મથકના વહીવટદારના નામે ડીજે વગાડવા મંજૂરી આપવા ૧૫૦૦૦ આપવા પડશે તેવી માગણી કરી હોવાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયો હતો. જે સંદર્ભે તેની પર ફતેપુરા પોલીસ દ્વારા કાયદેસરની ફરિયાદ દાખલ કરાઈ હતી. આ કેસમાં CPI એમ.જીડામોર દ્વારા આરોપી કપિલ નહારની ધરપકડ કરવામાં આવી હતી અને ફતેપુરા કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ માટે ૧૦ જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.

ફતેપુરા તાલુકા ભાજપ પ્રમુખ અને ફતેપુરા તાલુકા પંચાયતના સભ્ય તેમજ આરોપી કપિલ નહાર વચ્ચે કોરોના મહામારીમાં lockdown ના સમયમાં ડીજે પર પ્રતિબંધ હોવા છતાં કલેકટરના હુકમની અવગણના કરી. ડીજે વગાડવાનું ચાલુ રાખવા બાબતે કપિલના દ્વારા પોલીસને ૧૫૦૦૦ રૂપિયા આપવા પડશે તો મંજૂરી મળી જશે પૈસાના આપે તો કાર્યવાહી કરાશે. તેવી ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. જેમાં આવું કૃત્ય કરવા બાબતે તાલુકા ભાજપ પ્રમુખ એ વિરોધ નોંધાવ્યો હતો અને કલેકટરના નિયમનું પાલન કરવા સૂચના આપી હતી. આ ઓડિયો વાયરલ ક્લિપની ઘટનાને લઈ જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તા.૦૫/૦૬/૨૦૨૧ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ઉપલક્ષમાં ચંદ્રકાંતાબેન જી. ધાનકા સાયન્સ કોલેજ, નગરાળા ખાતે આચાર્ય નિશીથ જે.મોઢિયા, કોલેજના સ્ટાફ મિત્ર અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આજની કોરોના મહામારીની સ્થિતિ જોતાં ઓકિસજનની જ્યાં અને ત્યાં અછત જોવા મળે છે. ત્યારે પર્યાવરણ અને વૃક્ષોના જતન માટે એક નાનકડા પ્રયાસ થકી ''એક હાથ, એક વૃક્ષ'' તેવી ભાવના રાખીને લોકોમાં પર્યાવરણ માટે જાગૃતિ આવે તેવી આશા સાથે કોલેજમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

## ગરબાડાના આમલી ઉસરા ગામે ચાર ઈસમો એ ધિંગાણું મચાવી બે વ્યકિતને ઈજાઓ કરી

દાહોદ,
ગરબાડા તાલુકાના આમલી ઉસરા ગામે ઘરે આવવા બાબતે ચાર જેટલા ઈસમો ના ટોળા એક વ્યક્તિના ઘરે જ ભારે હંગામો મચાવી લાખણી તથા ધારીયા ની પૂઠ મારી મહિલા સહિત બે જણાને ઈજાઓ પહોંચાડીનું જાણવા મળે છે. આંબલી ઉસરા ગામે રહેતા ગીતાબેન હીરાભાઈ ડામોર તથા તેમના પરિવારજનો ગત તારીખ ૩જી જૂનના રોજ પોતાના ઘરે હાજર હતા તે સમયે પોતાનાજ ગામમાં રહેતા પવાભાઈ બીજીયાભાઈ હઠીલા, કાળુભાઈ શુંમલાભાઈ હઠીલા, દિવાનભાઈ કાળુભાઈ હઠીલા તથા જીવનભાઈ કાળુભાઈ હઠીલા નાઓ લાકડીયો તેમજ ધારીયા જેવા મારક હથિયારો સાથે ગીતાબેન ના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી ગીતાબેન ને કહેવા લાગેલા કે, તારો પતિ મારા ઘરે કેમ આવે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ રમીલાબેન, ગીતાબેન અને માનસિંગભાઈને લાકડી વડે તથા ધાર્યાની પુઠ વડે માર મારી હાથે પગે શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચાડી ભારે હંગામો મચાવી મારી નાખવાની ધમકી આપી ટોળું ધસી ગયું હતું.

આ સંબંધને ઈજાગ્રસ્ત ગીતાબેન રામાભાઈ ડામોરે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા પંચાલ સમાજ વિશ્વ પર્યાવરણ દિન વૃક્ષો વાવી ઉજવણી કરી

દાહોદ,
વિશ્વ પર્યાવરણ દિવસે દાહોદ મુકામે વિશ્વકર્મા નગરમાં દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ દ્વારા વૃક્ષો વાવી વિશ્વપર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી.

આજરોજ ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે દાહોદ જિલ્લા પંચાલ સમાજના આગેવાનો, યુવાનો અને હોદ્દેદારઓ દ્વારા ગ્લોબલ વોર્મિંગ થી બચવા અને પર્યાવરણના સંતુલન માટે ઘરે ઘરે વૃક્ષો વાવીએ પહેલના ભાગરૂપે દાહોદના વિશ્વકર્મા નગરમાં વૃક્ષો વાવી અને પર્યાવરણનું જતન કરવા માટેનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો.


આપણે સૌ પર્યાવરણની સલામતી માટે જાગૃત બનીએ અને પર્યાવરણ નું જતન કરીએ એજ શુભ સંકલ્પ સાથે વિશ્વ પર્યાવરણ દિવસની શુભકામનાઓ. દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ... દાહોદ

## દાહોદના ઉકરડી મેંદળાઈ ફળીયાના ૨૮ વર્ષના શીલાબેન રસીયાભાઈ લાપતા



દાહોદ,
દાહોદ તાલુકાના ઉકરડી મેંદળાઈ ફળીયાના ૨૮ વર્ષના શીલાબેન રસીયાભાઈ ડામોર ગત તા. ૪ મેના રોજ ગુમ થયા છે. તેઓ પોતાના પિતા કલાભાઈ નાથાભાઈ ડામોર ઘરેથી કુદરતી હાજતે જવા નીકળ્યા હતા, પરંતુ પરત આવ્યા નહોતા. તેઓ શરીરે પાતળા બાંધાના, ઘઉંવર્ણા, ઉંચાઈ ૫ ફૂટ ૨ ઈંચ છે. તેમણે વાદળી રંગની મેક્ષી અને ઓઢણી ઓઢેલ હતા. તેમજ ગુજરાતી ભીલોડી ભાષા જાણે છે. ગુમ થનાર વિશે કંઇ પણ માહિતી મળે તો દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૬૭૩-૨૪૪૯૦૦ અથવા મોબાઈલ નં. ૮૧૪૧૮૨૯૯૦૮ ઉપર જાણ કરવી.

## દાહોદના ખરોદા ગામેથી કપડા સીવડાવવા જવા નીકળેલા વર્ષાબેન લસુભાઈ લાપતા



દાહોદ,
દાહોદ તાલુકાના ખરોદા સંગાડા ફળીયાના વર્ષાબેન લસુભાઈ પ્રેમસીંગભાઈ જેમની ઉંમર ૨૦ વર્ષ છે, તેઓ ગુમ થયા છે. તેઓ ગત તા. ૨૮ મે ના રોજ દરજીના ઘરે કપડા સીવડાવવા જઉં છું તેમ કહીને ઘરેથી નીકળ્યા હતા. વર્ષાબેન શરીરે મજબુત પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણા, લંબગોળ ચહેરો તેમજ ૫ ફૂટ ૧ ઈંચની ઉંચાઈ ધરાવે છે. આંખો કાળી, માથાના વાળ કાળા છે. લાલ રંગનો પંજાબી ડ્રિસ પહેર્યો છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો છે અને ગુજરાતી ભાષા જાણે છે. ગુમ થનાર વિશે કંઇ પણ માહિતી મળે તો દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૬૭૩-૨૪૪૯૦૦ અથવા મોબાઈલ નં. ૮૧૪૧૮૨૯૯૦૮ ઉપર જાણ કરવી.

## સરકારી ઈજેનેરી કોલેજના એપ્લાઈડ મિકેનિક્સ વિભાગ દ્વારા પાંચ દિવસીય તાલીમી કાર્યક્રમ યોજાશે

દાહોદ,
દાહોદની એકમાત્ર સરકારી ઈજેનેરી કોલેજના એપ્લાઈડ મિકેનિક્સ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના વિકાસની સાથે અધ્યાપકના જ્ઞાનમાં વધારો થાય તે હેતુ થી ફંડામેંટલ્સ ઓફ જીઓટેકનિકલ અને સ્ટ્રકચરલ એંજિન્યરીંગ ફોર સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ વિષય પર પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેંટ પ્રોગ્રામ AICTE ATAL ટ્રેઈનીગ, ભારત સરકાર દ્વારા મંજૂર થયેલ છે. આ પ્રોગ્રામ તાઃ ૨૮/૦૬/૨૦૨૧ થી ૦૨/૦૭/૨૦૨૧ સતત ૫ દિવસ વિષયના નિષ્ણાતો દ્વારા લેકચર આપવામાં આવશે.

આ ટ્રેનિગ પ્રોગ્રામ દ્વારા જીઓટેકનિકલ અને સ્ટ્રકચરલ એંજિન્યિરીંગના વિશ્વ સ્તર પર થયેલ સંશોધનોની જાણકારી તથા વિશાળ માહીતી વિવિધ દેશભરના વિવિધ તજજ્ઞો દ્વારા ઓનલાઈન મોડ દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમ દેશના શહેરી તથા ગ્રામીણ ક્ષેત્રમાં જીઓટેકનિકલ અને સ્ટ્રકચરલ એંજિન્યરીંગ વિષે માહિતી આપવાનો ઈરાદો ધરાવે છે.

આ ફેકલ્ટી ડેવેલપમેંટ પ્રોગ્રામનું આયોજન એપ્લાઈડ મિકેનિક્સના એસોસિએટ પ્રોફેસર ડો. કે. બી. પરીખ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. વાય.કે. ટંડેલ દ્વારા પ્રિન્સિપાલ ડો. પી. કે. બ્રહ્મભટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક સહભાગીઓએ https://atalacademy.aicte-india.org/login. પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## ધાનપુરના નળુ ગામે ઘર આંગણે લોક કરેલ બાઈકની ચોરી

દાહોદ,
ધાનપુર તાલુકાના નળુ ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ એક મોટરસાયકલની ઉઠાંતરી થયાનું જાણવા મળે છે.

નળુ ગામે સ્ટેશન ફળિયામાં રહેતા જયેન્દ્રભાઈ રમેશભાઈ બારીયા એ ગત તારીખ ૫ જૂનના રોજ પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી.આ મોટરસાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાયકલ નો લોક તોડી ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે જયેન્દ્રભાઈ દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ધાનપુરના ઉડાર ગામે યુવતિને ભગાડી જવાની અદાવતે યુવતિના પરિજનો એ પિતાનું અપહરણ કર્યું

દાહોદ,
ધાનપુર તાલુકાના ઉડાર ગામે એક યુવકે એક યુવતીને પત્ની તરીકે રાખવા સારૂં લઈ જતાં યુવતીના પરિવારજનોએ યુવકના પિતાનો અપહરણ કરી લાકડી વડે માર મારતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ઉડાર ગામે હોળી ફળિયામાં રહેતા મનુભાઈ મોહનીયા નો પુત્ર પંકજભાઈ ઝાબુ ગામે રહેતી એક યુવતીને પત્ની તરીકે રાખવા સારૂ લઈ આવ્યો હતો. આ બાબતની અદાવત રાખી ઝાબુ ગામે રહેતા સરદારભાઈ ગેમાભાઈ બારીયા, ગેમાભાઈ વરસીંગભાઈ બારીયા, નાનજીભાઈ કટારા, હિંમતભાઈ કટારા, વીરસીંગભાઈ પાળિયાભાઈ કટારા તથા બીજા બે થી ત્રણ જેટલા ઈસમોએ ગત તારીખ ૭ જૂનના રોજ ગેરકાયદેસર મંડળી બનાવી મનુભાઈના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી મનુભાઈનું અપહરણ કરી લઈ તેઓને પગના તળીયાના ભાગે લાકડી વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત મનુભાઈની પત્ની કમીબેન મનુભાઈ મોહનીયા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત દિવાળી સુધી મફતમાં અનાજ આપવાની ઘોષણ કરી આખરી માસ્ટર સ્ટ્રોક ખેલીયો છે

દે.બારીયા,
માન્ય વડાપ્રધાન મોદીજી એ ગઈકાલે સાંજે પાંચ વાગે રાષ્ટ્રને સંબોધનમાં વેકસીના બારામાં યુ ટન લઈ લીધો છે. વેકસીનેશન હવે કેન્દ્ર સરકાર કરશે આના પહેલા રાજ્ય સરકારો ઉપર વેકસીનેશનની જવાબદારી નાખી પલ્લુ ઝકડી નાખ્યું હતું.પરંતુ પંજાબ અને બીજી રાજય સરકારો એ બહારના દેશો પાસેથી વેકસીનનો ઓર્ડર આપતાં તે દેશો એ સાફ ના પાડી હતી કે, અમે કેન્દ્ર સરકાર સાથે કરાર અને ઓર્ડર લઈશું. જેથી હવે યુ ટન લેવો પડ્યો છે. યુ.પી.માં આવતી ચુંટણીને સામે રાખી ગરીબી રેખા નીચે આવતાં કુટુંબોને નવેમ્બર-૨૦૨૧ એટલે દિવાળી સુધી મફત અનાજ નેશનલ ફુડ એકટ અંતર્ગત મફતમાં અનાજ આપવાની ઘોષણા કરાતા અનાજ માફિયાઓમાં ખુશી થશે. ગરીબોનું અનાજ કેજરીલાવ એ ઘર-ઘર સુધી રાશન પહોંચે તેના ઉપર કેન્દ્ર સરકારે બ્રેક શામાટે હવનમાં હાડકાં નાખ્યું હશે ? ઘરે-ઘરે રાશન યોજના લાભ થઈ જાય તો વચેટીયાઓને કરશે દીઠ ત્રણ થી ચાર કિલો અનાજમાં ઘઉં, ચોખા ઘટ થઈને આવે છે. જેથી કાર્ડધારકોને ઓછો કરીને ઘઉં, ચોખા અપાય છે. સાથે મે માસની ખાંડ અને દાળ પણ ૮૦ ટકા કાર્ડધારકોને હાલમાં પણ આપી નથી. ગોડાઉનમાં જ મે માસના છેલ્લા વીકમાં સ્ટોક જાણી સમજીને લાવવામાં આવ્યો હતો. કાર્ડધારકો છેલ્લી ૩૧ મે સુધી દુકાનો પર ગયા પણ ખાંડ આપી જ નથી. આ દુકાનદારોનો જવાબ હતો. આ આંગેનો અહેવાલ પંચમહાલ સમાચાર દૈનિક તા.૦૪/૦૬/૨૦૨૧માં છપાયો હતો. તો પણ દુકાનોના સંચાલકો સામે કોઈ જ તપાસણી થઈ નથી. શું ? આ જીલ્લાના વહિવટી તંત્રની રહેમનજર તળે થઈ રહ્યું છે કે શું ?

નવેમ્બર ૨૦૨૧ સુધી અપણા માન્ય વડાપ્રધાન ગઈ કાલની ઘોષણા મુજબ મફત રેશનનું પુરેપુરું અનાજ લાભાર્થીઓ સુધી પહોંચતું થશે કે નહિ તે મોટો સવાલ છે ? કે પછી વચેટીયા અનાજના કટ્ટાઓમાં ગાબડા પાડશે તે તો આવનારો સમય બતાવશે. દે.બારીયા તાલુકાની દીનદયાલ પંડિત સસ્તા અનાજના દુકાનના સંચાલકોના દ્વારા જુન માસની ૭ તારીખ થઈ છે. પરંતુ મેં માસની ખાંડ સગેવગે કરી નાખી છે. જેથી રાજ્યનું સ્ટેટ વિજીલન્સ વિભાગ તાલુકાની મુલાકાત લઈ કાર્ડધારકોને પૂછે કે મે માસની ખાંડ મળી છે કે નથી મળી તો ક્રોસ તપાસણી થાય તેવું કાર્ડધારકોની માંગણી છે. જો ક્રોસ તપાસણી ઉચ્ચપદના અધિકારીઓ કરશે તો મસમોટા અતિગંભીર કૌભાંડો બહાર આવે તો નવાઈ નહિ પરંતુ તપાસણી કોણ કરશે ? તે મોટો સવાલ છે.

## દાહોદ જીલ્લામાં કોરોના કેસ શુન્ય થયો જીલ્લો કોરોના મુકત થવાની રાહે

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોનાની બીજી લહેરના પ્રારંભ સાથે અને હવે ધીમે ધીમે કોરોના સંક્રમણના કેસોમાં ઘટાડો થતાં કોરોનાની બીજી લહેરમાં આજે બીજી વખત દાહોદ જિલ્લામાં કોરોનાનો આંક શુન્ય આવ્યો છે. ટુંક સમયમાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થવાની રાહે જઈ રહ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૩૨૬ અને રેપીટ ટેસ્ટના ૫૫૬ મળી આજે એકે પણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી. દાહોદ જિલ્લામાં મે માસના વચગાળા દરમ્યાનથી કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોનાના ઘટતાં કેસોને પગલે આરોગ્ય તંત્ર સમેત જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે. કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું ન હતું. ત્યારે આજે વધુ ૦૭ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૦૭ને પાર થઈ ગયો છે.

## રાજ્યમાં ૧૧થી ૧૩ જૂન દરમ્યાન ચોમાસાના આગામનની હવામાન ખાતાની આગાહી

ગાંધીનગર,
ગુજરાતમાં બફારાના પ્રમાણમાં પ્રતિદિવસ વધારો થઈ રહ્યો છે, તેવામાં હવામાન વિભાગે આગાહી કરી છે કે, ગુજરાતનાં કેટલાક ભાગોમાં તારીખ ૧૧થી ૧૩ જૂન દરમિયાન નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ શકે છે. ત્યારે રાજ્યનાં અનેક વિસ્તારોમાં પ્રીમોન્સુન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે. જેના કારણે હજી પાંચ દિવસ અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હાલ દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં સાઈક્લોનિક સરક્યુલેશન સક્રિય થયું છે, જેની અસરથી ગુજરાતમાં ગરમ પવનનું જોર વધતાં ગરમી સાથે બફારો અનુભવાઈ રહ્યો છે. ૧૧ જૂનથી બંગાળની ખાડીમાં લો-પ્રેશર સક્રિય થશે, જેને કારણે ૧૪ જૂન સુધી દક્ષિણ ગુજરાતમાં અને ૧૫થી ૨૫ જૂન વચ્ચે ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'બંગાળની ઉત્તર ખાડી અને તેની આસપાસ ૧૧ જૂને આ સ્થિતિને કારણે નૈઋત્યનું ચોમાસું ગુજરાતના કેટલાક ભાગોમાં ૧૧થી ૧૩ જૂન દરમિયાન આગમન કરી શકે છે.' લો પ્રેશર સર્જાશે. ૧૦ જૂનથી અરેબિયન સમુદ્રમાં દક્ષિણ પશ્ચિમ દિશાના પવન વધુ તેજ ગતિએ ફૂંકાશે.

## દાહોદ સ્ટેશન રોડ ATM માંથી ચોર ઈસમે યુવકના ખાતામાંથી ૮૫ હજાર ઉપાડી લેતાં ચકચાર

દાહોદ,
દાહોદ શહેરના યાદગાર ચોકના એ.ટી.એમ ખાતે તથા રેલવે સ્ટેશન રોડના એ.ટી.એમ ખાતેથી કોઈ અજાણ્યા ચોર ઈસમે પોતાનો કસબ અજમાવી એક યુવકના ખાતામાંથી કુલ રૂપિયા ૮૫ હજાર ઉપાડી લેતાં ચકચાર મચી જવા પામી છે. મૂળ ઝાલોદ તાલુકાના થીરીયા ગામે રહેતો અને હાલ દાહોદ શહેરના પોલીસ લાઈન વિસ્તાર ખાતે રહેતો ૧૮ વર્ષીય રાજકુમાર મલસિંગભાઈ સંગાડાના એટીએમ કાર્ડ મારફતે કોઈ અજાણ્યા ઈસમે પોતાનો કસબ અજમાવી દાહોદ શહેરના યાદગાર ફળીયા તથા રેલવે સ્ટેશન રોડ ખાતેના ફળિં માંથી કુલ રૂપિયા ૮૫૦૦૦/- પડી લઈ છળ, કપટ તેમજ વિશ્વાસઘાત થાય કરતા આ સંબંધે રાજકુમાર સંગાડાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 244

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## હાલોલ-વડોદરા બાયપાસ ઉપર

# કંજરી પાસે ધમધમતું કાચ તોડવાનું કારખાનાથી હાઈવે રોડ ઉપર કાચ ઉડતા વાહન ચાલકો પરેશાન

ગોધરા,
હલોલ બાયપાસ રોડ ઉપર કંજરી પાસે કાચ તોડવાનું કારખાનું ચાલી રહ્યું છે. આ કારખાનામાં દારૂ, કેમીકલ તથા દવાઓની બોટલો તોડવામાં આવી રહી છે. જાહેરમાં કાચની બોટલો તોડવામાં આવતાં કાચના રજકણ રોડ ઉપર આવતાં હોવાથી વાહન ચાલકો, રહેણાંક વિસ્તારના રહિશો અને નજીક આવેલ શાળા માટે જોખમરૂપ છે. ત્યારે પરવાનગી વગર ધમધમતા કારખાના એ બંધ કરવા માટે તંત્ર કાર્યવાહી કરે તે જરૂરી છે.



હાલોલ-વડોદરા બાયપાસ હાઈવે રોડ ઉપર કંજરી પાસે કાચ તોડવાનું કારખાનું ધમધમી રહ્યું છે. કોઈપણ જાતની પરવાનગી વગર ચાલતા આ કારખાનામાં દારૂ, કેમીકલ તથા દવાઓની બોટલો તોડવામાં આવતી હોય છે. જાહેરમાં કાચની બોટલો તોડવાની કામગીરીને લઈ કાચના રજકણો ઉડીને રોડ ઉપર તેમજ આસપાસના રહેણાક વિસ્તારોમાં ફેલાતા હોય છે. જેને લઈ સ્થાનિક રહિશો અને વાહન ચાલકો માટે જોખમકારક છે. નેશનલ હાઈવે રોડ હોવા છતાં કાચના પાવડરનો ભુકો રોડ થી ૫ મીટરના અંતરે કાચનો ઢગલો મારેલો જોવા મળે છે. આ કારખાનાની પાછળ નાળુ આવેલ છે. આ નાળામાં કારખાના માલિક દ્વારા કેમીકલવાળા કાચની બોટલોનું પાણી છોડવામાં આવે છે. જે કેમિકલવાળું પાણી પશુઓ માટે હાનિકારક છે. આ કાચ તોડવાનું કારખાનું કોઈપણ જાતની મંજુરી વગર ધમધમી રહ્યું છે અને જાહેરમાં કાચ તોડવાની કામગીરી લોકોના આરોગ્ય માટે જોખમકારક છે. તેમ છતાં કારખાના માલિક ઉપર તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી અથવા રાજકીય ઓથ નીચે ધમધમતા કાચ તોડવાની કારખાનાને બંધ કરવા માટે તંત્ર કાર્યવાહી કરશે ખરું.

- નિયમો બનાવી ગરીબોની દુકાન અને મકાન ઉપર બુલડોઝર ચલાવતું માર્ગ અને મકાન વિભાગ કેમ આ કારખાના સામે કાર્યવાહીથી બચે છે.
- કારખાના માંથી ઉડતા કાચના રજકણો બાઈક ચાલકો માટે જોખમકારક.
- દારૂ અને કેમીકલની બોટલ સહિત તમામ બોટલો તોડવામાં આવે છે.
- હાલોલ મામલતદારની સ્થળ તપાસ બાદ પણ કાર્યવાહી ન કરતાં ચર્ચાનો વિષય.

હાલોલ બાયપાસ હાઈવે રોડ કંજરી પાસે ખેતીલાયક જમીનમાં કોઈપણ જાતની મંજુરી વગર કાચ તોડવાનું કારખાનું ધમધમી રહ્યું છે. નિયમ મુજબ હાઈવે રોડ થી ૪૦ મીટર નજીક કારખાનું ચલાવવામાં આવી રહ્યું છે અને પાંચ મીટરના અંતરે કાચના પાવડરના ભુક્કોનો ઢગલો મારેલ છે. તેમ છતાં તંત્ર દ્વારા આવા જોખમકારક કારખાના માટે કાર્યવાહી કરાઈ નથી.

હાલોલ-વડોદરા હાઈવે રોડ ઉપર કંજરી પાસે ચાલતાં કાચ તોડવાની કારખાના કાચ તોડવામાં આવતાં રજકણો રોડ ઉપર તેમજ આસપાસના રહેણાંક વિસ્તારો માટે જોખમકારક છે. હાલોલ મામલતદાર દ્વારા કાચના કારખાનાની તપાસ માટે ગયા હતા, પરંતુ મામલતદાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી નથી. તેને લઈ લોકોમાં પ્રશ્ન થઈ રહ્યો છે કે તંત્ર એ જાણકારી છે કે કાચ તોડવાનું કારખાનું લોકોના આરોગ્ય માટે જોખમકારક છે. તેમ છતાં કાર્યવાહી માટે કોઈ મુર્હુતની રાહ જોવાઈ રહી છે.

## ગોધરા તાલુકાના લાડપુર ગામે વહેલી સવારે ઘરમાં દિપડો ઘુસ્યો : ૭ કલાકની જહેમત બાદ દિપડો પાંજરે પુરાયો

ગોધરા,
ગોધરા તાલુકાના લાડપુર ગામે વહેલી સવારે એક મકાનમાં દિપડો ઘુસી ગયો હતો. દિપડો ઘરમાં છુપાઈ જતાં ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી. ફોરેસ્ટ વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવા માટે રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું હતું. સાત કલાની ભારે જહેમત બાદ દિપડાને બેહોંશ કરીને પાંજરે પુરવામાં આવતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.



પંચમહાલ જીલ્લામાં દિપડાની સંખ્યામાં વધારો થયો છે. જંગલ વિસ્તારને અડીને આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં દિપડા ઘસી આવતાં હોવાના કિસ્સા અવારનવાર સામે આવતા હોય છે. ગત વર્ષે ઘોઘંબા તાલુકાના ત્રણ ગામોમાં દિપડાના હુમલામાં ચાર થી પાંચ જેટલી વ્યક્તિઓના મોત નિપજાવાની ઘટના બની હતી. બાદમાં ફોરેસ્ટ વિભાગ ટીમે એક સપ્તાહ સુધી ધામા નાખીને દિપડાને ઝડપી પાડતાં ગ્રામજનોમાં ગભરાહટ ઓછો થયો હતો. ત્યારબાદ અવારનવાર જીલ્લાના અનેક ગામોમાં દિપડો લટાર મારતો હોવાના સમાચારો આવતાં રહે છે. આજરોજ ગોધરા તાલુકાના લાડપુર ગામે વહેલી સવારે જંગલ વિસ્તાર માંથી શિકારની શોધમાં ગામમાં આવી ચડેલ દિપડો લોકોની હિલચાલને દેખીને એક ઘરમાં છુપાઈ ગયો હતો. લાડપુર ગામે એક ઘરમાં દિપડો ઘસી આવીને સંતાઈ રહ્યો છે. તેવી જાણકારી થી ગ્રામજનોમાં ડર અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. ઘરમાં સંતાઈ ગયેલ દિપડા અંગે ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવતં ફોરેસ્ટની ટીમ લાડપુર ગામે દોડી આવી હતી અને દિપડાને ઘરમંથી બહાર કાઢીને પાંજરે પુરવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ઘરમાં સંતાયેલ દિપડાને પાંજરે પુરવા માટે ફોરેસ્ટ વિભાગનું કલાક સુધી ભારે જહેમત કરીને આખરે દિપડાને બેભાન કરીને પાંજરે પુરવામાં આવ્યો હતો. લાડપુર ગામે ઘરમાં સંતાવેલ દિપડાને ફોરેસ્ટ વિભાગ ઝડપી પાડતાં ગ્રામજનો એ હાશકારો લીધો હતો. ફોરેસ્ટ વિભાગે પાંજરે પુરેલ દિપડાને સુરક્ષીત સ્થળે છોડવામાં આવશે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા સરકારી વિનિયન કોલેજ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી વિનયન કોલેજમાં સ્ટાફ સહિત બ્રહ્માકુમારી માંથી ઉપસ્થિત રતન દીદી અને જયા દીદી એ પર્યાવરણ દિવસનું મહત્વ સમજાવવા સાથે દરેક વ્યક્તિને એક વૃક્ષ વાવવા માટે અપીલ કરી હતી. કોલેજના મેદાનમાં રતન દીદી અને કોલેજના આચાર્ય સહિત પ્રોફેસરો દ્વારા લીમડો, આસોપાલવ તેમજ તુલસીના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## પંચમહાલ જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ઘટીને ૭૩ થઈ




ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના આજે નવા ૦૯ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૫૫૮થવા પામી છે. આજે ૪૮દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૭૩થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૦૪કેસ, ગોધરા ગ્રામ્યમાંથી ૦૧ કેસ અને હાલોલ ગ્રામ્યમાંથી ૦૪ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૫૦૪થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલ કેસોની સંખ્યા ૪૦૫૪ થવા પામી છે. ૯૨૯૯ દર્દીઓ કોરોનાને માત આપીને સ્વગૃહે પરત ફર્યા છે.

## કંપનીમાં નોકરી અપાવાના બહાને યુવાનો સાથે ઠગાઈ કરતાં UPના ઈસમને પોલીસે ઝડપ્યો




ગોધરા,
પંચમહાલ અને દાહોદ જીલ્લામાં રીલાયન્સ જીઓ ૪-જી ટાવર કંપનીમાં રોજગારીની ખોટી જાહેરાત પત્રિકા છપાવીને જાહેર સ્થળો એ ચોંટાડીને નોકરી આપવાના બહાને યુ.પી.ના ઈસમો બેરોજગાર યુવાનો સાથે ઠગાઈ કરતાં હોય તેવી ફરિયાદના આધારે એસ.ઓ.જી. પોલીસે તપાસ ચલાવી રહી હતી. આવા ઠગાઈ કરતા ઈસમને એસ.ઓ.જી. પોલીસે બસ સ્ટેશન વિસ્તાર માંથી ૨૬ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. પંચમહાલ એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, હિન્દી ભાષા યુ.પી.નો શંકાસ્પદ વ્યક્તિ ન્યુઝ પેપરમાં એક પત્રિકા હિન્દી ભાષામાં પ્રિન્ટ વાયરલ કરી જરૂરીયાતમંદ યુવાનોને જીઓ ૪-જી ટાવર કંપનીમાં છોકરા-છોકરીને નોકરી આપવાની જાહેરાત કાઢી પત્રિકા વાયરલ થયેલ પત્રિકા એસ.ઓ.જી. પોલીસને હાથ લાગી હતી. તેમાં લખેલ મોબાઈલ ફોનની ટેકનીકલ સર્વેલન્સ દ્વારા તપાસ કરી હતી. તેમાં આ ઈસમ બસ સ્ટેશન વિસ્તારમાં ફરતો હોય અને જાહેર સ્થળો એ પત્રિકાઓ ચોંટાડી રહ્યો છે. તેવી માહિતીના આધારે પોલીસે અંશુકુમાર રાકેશ તિવારી રહે.પીપરગવા તા.નરોવલ યુ.પી.ને ૨૬,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

## ગોધરાના સિંદુરીમાતા મંદિર વિસ્તારની ખુલ્લી ગટરલાઈન ઉંડી કરી સાફસફાઈ માટે રજુઆત

ગોધરા,
પંચમહાલ જિલ્લાની ગોધરા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં પ્રિમોન્સુન કામગીરી શરૂ કરવામા આવી છે. જેમા સિંધુરીમાતાના મંદિર વિસ્તારમાં આવેલી ઓપન ગટર કેનાલની સાફસફાઈનો સમાવેશ થાય છે. નગરપાલિકાના વોર્ડનં. ૧ ના સભ્ય દિવાબેન પરમાર દ્વારા પાલિકાતંત્રને આ ગટરોની સાફસફાઈ વ્યવસ્થિત રીતે કરવામા આવે તે માટે લેખિત રજુઆત કરવામા આવી છે. જેમાં જણાવામાં આવ્યું છે કે, કોન્ટ્રાક્ટરે ભરેલા ભાવ મુજબ અને નિયમો અનુસાર ટેન્ડર પાસ થયું છે. સાથે કોન્ટ્રાકટરે કેનાલમાંથી ભોંય તળિયેથી સફાઈ કરવાની શરતે કામગીરી શરૂ કરી દીધું છે. હાલ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

કામ પ્રગતિમાં છે. પરંતુ તેની કામગીરી સંતોષકારક નથી ગટર કેનાલ અંદાજીત ૬ ફૂટ ઊંડાઈ ધરાવે છે. કોન્ટ્રાક્ટર ઉપર છલ્લું સાફ સફાઈ કામ કરાવે છે. તેવો આક્ષેપ કરતા વધુમા જણાવાયુ છે કે,ભોય તળિયા સુધી ગટરનું સફાઈકામ કરવામાં આવ્યું નથી. આથી કોન્ટ્રાકટરને નોટિસ આપીને તળિયા સુધી સફાઈ કામ કરવા આદેશ આપવા તેમજ સંપૂર્ણ રીતે બંને સફાઈકામના કરે ત્યાં સુધી કામનું પેમેન્ટ ચુકવવામાં આવે નહી એવી અમારી રજૂઆત છે. વધુમાં જણાવાયું છે કે, લેખિત રજૂઆત બાદ કોન્ટ્રાક્ટરને પેમેન્ટ ચૂકવવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે અધિકારીઓની રહેશે અને માત્ર અધિકારીઓ અંગત લાભ અને ભ્રષ્ટાચાર કરવાના હેતુથી જ પેમેન્ટ ચૂકવાયુ છે. તેવું સમજીને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની ફરજ પડશે.તેવુ લેખિત રજૂઆતમાં જણાવામાં આવ્યુ છે.ત્યારે હવે જોવાનુ એ રહ્યુ કે પાલિકાતંત્ર આ ગટરકેનાલની સાફસફાઈનુ કામ ઉંડે સુધી કરાવે છે?.

નોંધનીય છે કે, આ ગટર કેનાલ વોર્ડ-જમાંથી વોર્ડ-૧માં પસાર થાય છે.જેમાં નવા તીરગર વાસ, ઢોલીવાસ, વાલ્મીકીવાસ, કુસુમ વિવેકસોસાયટીના કોટને અડી જાય છે. વધારે વરસાદ આવે છે. ત્યારે પાણી ઉભરાઈને બહાર ફેલાય છે.

## ભાણપુરામાં ભાનવગરનો વહીવટ મનુષ્ય સાથે પશુધનના પાણી માટે પોકાર : પશુઓ બિચારા ક્યાં રજૂઆત કરે




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ભાણપુર ગ્રામ પંચાયતના વહીવટ કર્તાઓ વિરૂદ્ધ રોજેરોજની ફરિયાદો ઉઠી રહી છે. માનવ જીવનની સાથે પશુઓને પણ તરસ્યા રહેવાનો વારો આવ્યો છે. ભાણપુરા બસ સ્ટેન્ડ સામે મુખ્ય માર્ગ ઉપર આવેલો હવાળો જાણે કચરાપેટી બની ગયો છે. પૈસા કમાવવાની લાલચે હવાડો તો બનાવી દીધો બીલ પાસ કરાવી લીધું પણ પશુ માટે પાણીની સગવડતા કરવામાં નિષ્ફળ નીવડ્યા હવાડામાં આજ સુધી પાણી ભરવામાં આવ્યું નથી "કૂવામાં હોય તો હવાડામાં આવે" આ કહેવત ભાણપુરા માં લાગુ પડે છે. સ્થાનિક રહીશો પણ ગ્રામ પંચાયતમાં રજૂઆતો કરવા જાય છે પણ રજૂઆત સાંભળવા માટે કોઈ હાજર હોતું નથી ગ્રામ પંચાયતનો વહીવટ કરતા લોકોને મલાઈદાર બાંધકામોમાં જ રસ હોયછે તેઓ આખો દિવસ પોતાના કામોમાં વ્યસ્ત હોય છે. "ભાણપુરા અને ભ્રષ્ટાચાર" એક સિક્કાની બે બાજુ જેવા છે. સામાજિક કાર્યકરોએ કરેલી આરટીઆઈના સવાલોના જવાબો પણ ગ્રામ પંચાયત પાસે નથી. વધુ આવતા અંકે...........

## ઘોઘંબામાં પરવાનગી વગર વૃક્ષોનું નિકંદન થતાં વન વિભાગ તપાસ કરશે ??



ઘોઘંબા,
૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણની ઉજવણી દેશભરમાં કરવામાં આવી. જેમાં કરોડો વૃક્ષો વાવવાનો દેખાડો કરવામાં આવ્યો એક તરફ સરકાર અને વનવિભાગ પર્યાવરણ બચાવોની વાતો કરેછે અને બીજી તરફ ૮૦ જેટલા વૃક્ષો એવા છે. જેને સરકારે વગર પરમીસને કાપવાની છુટ આપીછે કેટલાક ફળ આપતા પણ વૃક્ષો છે. જેના ઉપર વગર વિચાર્યે સરકારે છુટ આપીછે. આ પ્રકારના વૃક્ષો કપાઈ જવાથી પશુ પક્ષીઓના મૃત્યુનું પ્રમાણ વધ્યુ છે. ગોરસ આંબલી, ખાટી આંબલી, વડ તથા પીપળા ઉપર ઊંગતા ટેટા(ફળ) ખાઈને પણ પક્ષીઓ પોતાનું પેટ ભરતા હતા. આવા તો કેટલાય વૃક્ષો છે જે પરવાનગી વિના કાપી નાખવાની છુટ આપવામાં આવી છે શું? આવા વૃક્ષો ઑક્સીજન નથી. આપતા વૃક્ષોના ગેરકાયદેસર કટીંગ પર્યાવરણનો દાટ વાળ્યો છે. ત્યારે વનવિભાગ થી તૈયાર થયેલા વૃક્ષો તો સચવાતા નથી. વૃક્ષા રોપણ કર્યા પછી કેટલા વૃક્ષોનો ઉછેર થયો તે નોધ લીધી છે. કોઈએ જો પર્યાવરણ બચાવવુ હોય તો લીલા વૃક્ષોનુ છેદન બંધ કરી જે ૮૦ વૃક્ષોને બિનપરવાનગી કાપવાની છુટ આપી છે. તે હુકમ રદ્દ કરવામાં આવશે તો જ આપણા દેશમાં હરિયાળી રહેશે અને ચોખ્ખો ઑક્સીજન દેશવાસીઓ લઈ શક્સે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કાછીયા વી. એલ.
મુ. ભોજા ગામ, તા. લુણાવાડા